# પ્રાણીઓના નામ



ગાય



કૂતરો



ભેંસ



બિલાડી



બકરી




વાંદરો



ઘોડો



હાથી



દિપડો



ઊંટ



સિંહ



રીંછ

## Delhi Public School, Gandhinagar
## Class-V
## પાઠ-૫ સમજુ વાંદરો
## Notes

(Month of August)

**પ્રશ્ન.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧. સમજુ - શાણું
૨. સપૂત - સારોપુત્ર
૩. મુસાફર - પ્રવાસી
૪. આશ્ચર્ય - નવાઈ

**પ્રશ્ન ૨ વિરોધી શબ્દ લખો.**

૧. સપૂત X કપૂત
૨. ડાહ્યા X ગાંડા
૩. સમજુ X અણસમજુ

**પ્રશ્ન ૩ ખાલી જગ્યા પૂરો.**

૧. ભેટમાં માટી થી બનાવેલા ત્રણ વાંદરાનું રમકડું હતું.
૨. ગાંધીજી આ નિરાળી ભેટ જોઈને ખૂબ ખુશ થયા.
૩. ગાંધીજીનું આ ત્રણ સમજુ વાંદરાનું રમકડું જોઈને મુસાફર ખૂબ ખુશ થાય છે.

**પ્રશ્ન ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧. બાપુને તેમના મિત્રએ કઈ ભેટ આપી હતી?
જવાબ બાપુને તેમના મિત્રએ માટીથી બનાવેલ ત્રણ વાંદરાનું રમકડું ભેટ આપી હતી.

૨. ગાંધીજી ભેટ જોઈને કેમ ખુશ થયા હતા?
જવાબ પહેલા વાંદરાએ મોઢું બંધ રાખ્યું, બીજા વાંદરાએ કાન અને ત્રીજા વાંદરાએ આંખ આ નિરાળી ભેટ જોઈને ખુશ થયા હતા.

૩. મુસાફર રમકડા વિશે ગાંધીજીને શું પૂછે છે?
જવાબ મુસાફર પૂછે છે, "બાપુ, તમે આ બાળકોને રમવાનું રમકડું શા માટે અહીં ઓરડામાં મૂક્યું છે?

૪. મુસાફર મનોમન શું નક્કી કરે છે?
જવાબ મુસાફર મનોમન નક્કી કરે છે કે હું પણ જીવનમાં વ્હાલા બાપુના બોલ પાળીશ.

૫. આ પાઠમાં ગાંધીજીના કયા રમકડા પાસેથી જીવનમૂલ્ય મળે છે?
જવાબ આ પાઠમાં ત્રણ વાંદરાના રમકડા પાસેથી જીવન મૂલ્ય મળે છે.

૬. ગાંધીજીને રમકડું ભેટમાં કોણે આપ્યું હતું?
જવાબ ચીન દેશમાંથી આવેલા મિત્રએ ગાંધીજીને રમકડું ભેટમાં આપ્યું હતું.

૭. ગાંધીજીએ રમકડું ક્યાં મૂક્યું હતું?

જવાબ ગાંધીજીએ વાંચનના ઓરડામાં રમકડું મૂક્યું હતું.

## CBE Based Question bank

**મૌખિક**

૧. આ ત્રણ રમકડાથી તમને શું જાણવા મળ્યું?

૨. રમકડું જોઇને કોણ ખુશ થયું? શા માટે?

**લેખિક**

૩. બાપુના મિત્ર ક્યાંથી આવ્યા હતાં?
જવાબ

૪. ગાંધીજીએ રમકડું ક્યાં મુક્યું હતું?
જવાબ

**ચિંતનશીલ**

૫. તમે તમારા મિત્રને રમકડામાં શું આપશો? શા માટે?

DPSG

**Delhi Public School, Gandhinagar**
**Class-V**
# પાઠ-૬ જંગલની સફાઈ
**Notes**
**(Month of August)**

## પ્રશ્ન.૧ સમાનાર્થી શબ્દ લખો.

(૧) જંગલ - વન
(૨) ઝાડ - વૃક્ષ
(૩) કામદાર - મજૂર
(૪) રાજા - નરેશ
(૫) પારિતોષિક - ભેટ
(૬) પ્રેમ - હેત

## પ્રશ્ન ૨ વિરોધી શબ્દ લખો.

(૧) પ્રેમ X નફરત
(૨) નાના X મોટા
(૩) સહકાર X અસહકાર
(૪) સ્વચ્છ X અસ્વચ્છ
(૫) ખોલવું X બંધ કરવું
(૬) દિવસ X રાત

## ખાલી જગ્યા પૂરો.

(૧) જંગલના **રાજા** સમીર સિંહ એકવાર દિવસે ફરવા નીકળ્યા.

(૨) બાળકોની સ્વચ્છતા પ્રત્યેની પહેલ રાજાના **દિલમાં** સ્પર્શી ગઈ.

(૩) અમે તમારા જંગલને **નિર્મળ** જંગલ તરીકે જાહેર કરીએ છીએ.

## નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

(૧) જંગલમાં પ્રાણીઓનાં બચ્ચાં શું કરી રહ્યા હતાં?
જવાબ જંગલમાં પ્રાણીઓના બચ્ચાં જંગલમાંથી કચરો સાફ કરી રહ્યાં હતાં.

(૨) સમીર સિંહે ગર્જના શા માટે કરી?
જવાબ સમીર સિંહે બધા પ્રાણીઓને બોલાવવા માટે અને બધાને સ્વચ્છતા અભિયાનમાં જોડાવવા માટે ગર્જના કરી.

(૩) સમીર રાજાએ અંતે કોનો આભાર માન્યો?
જવાબ સમીર રાજાએ અંતે જંગલના પ્રાણીઓનો આભાર માન્યો.

(૪) આ પાઠમાંથી તમને કયું મૂલ્ય મળે છે?
જવાબ આ પાઠમાંથી અમને સ્વચ્છતા, સહકાર અને એકતાનું મૂલ્ય મળે છે.

(૫) ઝાડની નીચે કોણ આરામ કરી રહ્યું હતું?
જવાબ ઝાડની નીચે સમીર સિંહ આરામ કરી રહ્યાં હતાં.

(૬) આ પાઠમાં કયા જંગલની વાત કરવામાં આવી છે?
જવાબ આ પાઠમાં 'સુંદર વન' જંગલની વાત કરવામાં આવી છે.

(૭) સ્વચ્છતા અભિયાન માટે સલુ સરકારે કયું ઇનામ જાહેર કર્યું હતું?
જવાબ સ્વચ્છતા અભિયાન માટે સલુ સરકારે વીસ હજાર વૃક્ષોનું ઇનામ જાહેર કર્યું હતું.

(૮) સરકારના અધિકારીઓ જંગલમાં કોની સાથે ફરવા નીકળ્યા હતા?
જવાબ સરકારના અધિકારીઓ જંગલમાં શાળાના શિક્ષક હસુહાથી સાથે ફરવા નીકળ્યા હતા.

## સંજ્ઞા

❖ **સંજ્ઞા એટલે શુ?**
જવાબ સંજ્ઞા એટલે દુનિયાની દરેક ચીજ-વસ્તુઓ, પદાર્થને કે વ્યક્તિને કોઇને કોઇ નામ વડે ઓળખવામાં આવે છે તેને સંજ્ઞા કહે છે.
(૧) **ગાય** આવે છે.
(૨) મને **ચોકલેટ** જોઈએ છે.
(૩) લાલ **સાડી** પહેરે છે.
(૪) મોટા **રમકડા** આપ.
(૫) કાચી **કેરી** ખા .
(૬) **દરવાજો** બંધ કરો.
(૭) **કમળ** અને **ગુલાબ** આપ.
(૮) કાળી **પેન** આપો.

## વિશેષણ

❖ **વિશેષણ એટલે શુ?**
જવાબ નામના અર્થમાં વધારો કરે તે વિશેષણ
(૧) **સફેદ** બિલાડી જાય છે.
(૨) **ઠંડુ** પાણી આપો.
(૩) **મોટી** પેન્સિલથી લખો.
(૪) દાદા **ઊંચા** પર્વત પર ચડે છે.
(૫) **હોશિયાર** વિદ્યાર્થી લખે છે.
(૬) **ખાટી** આંબલી ભાવે છે.
(૭) મોર **સુંદર** પક્ષી છે.
(૮) **પાંચ** દેવ આવ્યાં છે.

**CBE Based Question bank**

**મૌખિક**

(૧) સફાઈ એટલે શું? સફાઈ શા માટે જરૂરી છે?

(૨) તમે ઘરે માતાને શું શું મદદ કરો છો? શા માટે?

**લેખિક**

(૩) બપોરે ગર્જના કોણે કરી?

જવાબ

(૪) કેટલી ટુકડી બનીને સફાઈ કરતી હતી?

જવાબ

**ચિંતનશીલ**

(૫) બધા પ્રાણીઓ શા માટે હળીમળીને કામ કરતા હતાં?

Subject Teacher Mentor Headmaster Principal

DPSG

# Delhi Public School, Gandhinagar

## Class-V

## પાઠ-૩ ધરતીનું કરો જતન

## Notes

Month of July

**પ્રશ્ન.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧ ધરતી - ધરા

૨ વૃક્ષ - તરુ

૩ જંગલ - અરણ્ય

૪ ગગન - આભ

**પ્રશ્ન ૨ વિરોધી શબ્દ લખો.**

૧ જંગલ X મેદાન

૨ અખૂટ X ખૂટ

૩ ગરમી X ઠંડી

**પ્રશ્ન ૩ ખાલી જગ્યા પૂરો.**

૧ આડેધડ વૃક્ષો કાપીને, જંગલ થયા મેદાન.

૨ મિલોને વાહનોના ધુમાડા, કરે સહુને હેરાન

૩ હવા, પાણીને અવાજના પ્રદૂષણનો નથી પાર.

૪ કુદરતનો છે અખૂટ ખજાનો, તેનું કરો રક્ષણ.

**પ્રશ્ન ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧ જંગલ મેદાન કેવી રીતે થઈ ગયા?

જવાબ: આડેધડ વૃક્ષો કાપવાથી જંગલ મેદાન થઈ ગયા.

૨ કાવ્યમાં કયા કયા પ્રદૂષણની વાત કરવામાં આવી છે?

જવાબ: કાવ્યમાં હવા, પાણી અને અવાજના પ્રદૂષણની વાત કરવામાં આવી છે.

૩ કાવ્યમાં પ્રદૂષણના કારણે ધરતી પર થતી કઈ કઈ અસરોની વાત કરવામાં આવી છે?

જવાબ: વરસાદ ન પડવાથી દુકાળ થાય. ગરમી વધતા બરફ પીગળતો જાય, પૂર આવતા ખેતરમાં પાક ધોવાઈ જાય. આ પ્રકારનાં પ્રદૂષણના અસરોની વાત કરવામાં આવી.

૪ ધરતીને કુદરતનો કેવો ખજાનો કહ્યો છે?

જવાબ: ધરતીને કુદરતનો અખૂટ ખજાનો કહ્યો છે.

૫ તમને ધરતી પર કઈ બે વસ્તુઓ સૌથી સુંદર લાગે છે?

જવાબ: મને ધરતી પર વૃક્ષ અને નદી સૌથી સુંદર લાગે છે.

**પ્રશ્ન ૫ CBE based Questions.**

**મૌખિક**

૧ તમે સંજ્ઞા કોને કહેશો? બે ઉદાહરણ આપો.

૨ તમને કેવા સ્થળોએ ફરવા જવું ગમે છે?

**લેખિક**

૩ વૃક્ષ કાપવાથી શું શું નુકસાન થાય છે?

૪ પ્રદૂષણ કેવી રીતે વધે છે?

**ચિંતનશીલ**

૫ પૃથ્વીના આપણા પર કયા કયા ઉપકાર છે?

DPSG

Delhi Public School, Gandhinagar

Class-V

પાઠ-૪ અદ્રશ્ય મંદિરની સફરે

(Only reading lesson)

Month of July

**પ્રશ્ન ૧ નીચે આપેલ ફકરો સુંદર અક્ષરે તમારી નોટબૂકમાં લખો.(અનુલેખન કરો.)**

લગભગ દોઢસો વર્ષ પહેલા આ મંદિર મળી આવ્યું હતું. પૌરાણિક સમયમાં ભગવાન શિવજીના મોટા પુત્ર કાર્તિકેયે તારકાસુર નામના રાક્ષસનો વધ કર્યા બાદ આ મંદિર બનાવ્યું હતું. આ મંદિરમાં બેસીને મને પરમ શાંતિનો અનુભવ થયો હતો. શિવાલયમાં આંખો બંધ કરીને ધ્યાન કરી રહી હતી ત્યારે અરબી સમુદ્રના મોજાં ઉછાળી જાણે બોલી રહ્યા હતા, ૐ નમઃ શિવાય.

**Subject Teacher** **Mentor** **Headmaster** **Principal**

**Delhi Public School Gandhinagar**
**Class- V**
**Topic: મૂળાક્ષર**

**(Month of April)**

* **નીચે આપેલ સ્વર લખો.**

| | | | |
|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ |
| ઉ | ઊ | ઋ | એ |
| ઐ | ઓ | ઔ | અં |
| અઃ | | | |

* **નીચે આપેલ વ્યંજન લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ |
| ચ | છ | જ | ઝ | ઞ |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર | લ | વ | * |
| શ | ષ | સ | હ | ળ |
| ક્ષ | ત્ર | જ્ઞ | શ્ર | * |

* **સંયુક્ત વ્યંજન ચાર છે.**

ક્ષ - ક્ + ષ્ + અ

ત્ર - ત્ + ર્ + અ

જ્ઞ - જ્ + ઞ્ + અ

શ્ર - શ્ + ર્ + અ

## * બારાક્ષરીની રચના

| વ્યંજન | સ્વર | ચિહ્ન | સ્વરયુક્ત વ્યંજન |
|---|---|---|---|
| ક્ | અ | -<br>- | ક |
| ક્ | આ | ◌ા | કા |
| ક્ | ઇ | િ◌ | કિ |
| ક્ | ઈ | ◌ી | કી |
| ક્ | ઉ | ◌ુ | કુ |
| ક્ | ઊ | ◌ૂ | કૂ |
| ક્ | ઋ | ◌ૃ | કૃ |
| ક્ | એ | ◌ે | કે |
| ક્ | ઐ | ◌ૈ | કૈ |
| ક્ | ઓ | ◌ો | કો |
| ક્ | ઔ | ◌ૌ | કૌ |
| ક્ | અં | ◌ં | કં |
| ક્ | અ: | ◌ઃ | કઃ |

નોંધ - એકલા વ્યંજન ખોડા કહેવાય તેમાં સ્વરભળે એટલે પૂર્ણ અક્ષર બને.

## * નીચે આપેલા શબ્દોનો વર્ણવિચ્છેદ કરો.

રમત ર્ + અ + મ્ + અ + ત્ + અ

તરસ ત્ + અ + ર્ + અ + સ્ + અ

તારક ત્ + આ + ર્ + અ + ક્ + અ

કાજલ ક્ + આ + જ્ + અ + લ્ + અ

મતિ મ્ + અ + ત્ + ઇ

DPSG

| | |
|---|---|
| વિજ્ઞાન | વ્ + ઇ + જ્ + ઞ્ + આ + ન્ + અ |
| નદી | ન્ + અ + દ્ + ઈ |
| પરીક્ષા | પ્ + અ + ર્ + ઈ + ક્ + ષ્ + આ |
| ગુલાબ | ગ્ + ઉ + લ્ + આ + બ્ + અ |
| પૂજન | પ્ + ઊ + જ્ + અ + ન્ + અ |
| પૃથા | પ્ + ઋ + થ્ + આ |
| તૃણ | ત્ + ઋ + ણ્ + અ |
| પેન | પ્ + એ + ન્ + અ |
| શૈલ | શ્ + ઐ + લ્ + અ |
| મોલ | મ્ + ઓ + લ્ + અ |
| ચૌદશ | ચ્ + ઔ + દ્ + અ + શ્ + અ |
| નંગ | ન્ + અં + ગ્ + અ |
| નમ: | ન્ + અ + મ્ + અ: |
| ક્રમ | ક્ + ર્ + અ + મ્ + અ |
| ધન્વી | ધ્ + અ + ન્ + વ્ + ઈ |

* નીચે આપેલા શબ્દોનો વર્ણસંયોજન કરો.

| | | |
|---|---|---|
| 1. | મ્ + અં + દ્ + ઇ + ર્ + અ | મંદિર |
| 2. | દ્ + ઈ + પ્ + ઇ + ક્ + આ | દીપિકા |
| 3. | છ્ + અ + ત્ + ર્ + ઈ | છત્રી |
| 4. | શ્ + ર્ + આ + વ્ + અ + ણ્ + અ | શ્રાવણ |
| 5. | વ્ + આ + ન્ + અ + ર્ + અ | વાનર |

| | | |
|---|---|---|
| 6. | ઐ + ર્ + આ + વ્ + અ + ત્ + અ | ઐરાવત |
| 7. | એ + ક્ + અ | એક |
| 8. | ગ્ + ઓ + પ્ + ઈ | ગોપી |
| 9. | દ્ + ર્ + આ + ક્ + ષ્ + અ | દ્રાક્ષ |
| 10. | જ્ + અ + ન્ + અ + ક્ + અ | જનક |
| 11. | ન્ + અ + વ્ + ય્ + આ | નવ્યા |
| 12. | પ્ + અ + ર્ + વ્ + અ | પર્વ |

## Work sheet
## મૂળાક્ષર

* All Questions are compulsory.
Write a neat and clean handwriting. Do best.

* નીચે આપેલા શબ્દોનો વર્ણવિચ્છેદ કરો.

(૧) તરસ
(૨) માહી
(૩) શિક્ષક

* નીચે આપેલા શબ્દોનો વર્ણસંયોજન કરો.

(૪) જ્ + આ + ન્ + અ + વ્ + ઈ
(૫) આ + ન્ + અં + દ્ + અ
(૬) વ્ + આ + દ્ + અ + ળ્ + અ

* નીચે આપેલા કૌસમાંથી ખૂટતા સ્વર વ્યંજન શોધીને લખો.
( થ, ઐ, ગ, અઃ, ઈ, ય, પ, ઋ )

(૭) ખ, .... ન, ....
(૮) ...., ર ત, ....
(૯) એ, ..... ઈ, ....
(૧૦) ઊ, ..... અં, ....

Subject Teacher Mentor Headmaster Principal

# Delhi Public School, Gandhinagar

## Class-V

## પાઠ-૨ શૂન્યની કિંમત

## Notes

(Month of June)

**પ્રશ્ન.૧ સમાનાર્થી શબ્દ લખો.**

૧ જંગલ – વન

૨ અંક – સંખ્યા

૩ શૂન્ય – મીંડું

**પ્રશ્ન ૨ વિરોધી શબ્દ લખો.**

૧ અંદર X બહાર

૨ આગળ X પાછળ

૩ પ્રેમ X ધૃણા

૪ ગૌણ X મુખ્ય

૫ અભિમાન X નિરાભિમાન

**પ્રશ્ન ૩ ખાલી જગ્યા પૂરો.**

૧ **અંકવન** નામના વનમાં બધા ઝાડ પર અંકો અને શૂન્યો રહેતા હતા.

૨ રમત રમતી વખતે **૧ થી ૯** અંકો સૌથી વધુ દાદાગીરી કરતા હતા.

૩ અંકવનમાં પ્રસિદ્ધ ગણિત શાસ્ત્રી **આર્યભટ્ટ** ફરવા આવ્યા.

૪ અંકોને સમજાય છે કે તેઓ **શૂન્ય** વગર અધૂરા છે.

**પ્રશ્ન ૪ નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.**

૧ અંકવનમાં કોણ કોણ રહેતું હતું?

જવાબ અંકવનમાં અંકો અને શૂન્યો રહેતા હતા.

૨ અંકોને શેનું અભિમાન હતું?

જવાબ તેઓ અંકો છે એવું તેમને અભિમાન હતું.

૩ શૂન્ય અંદરો-અંદર શું વાત કરતા હતાં?

જવાબ "આપણે તો આ સૃષ્ટિ પર ગૌણ છીએ" એમ વાત કરતા હતાં.

૪ આર્યભટ્ટ અંકવનમાં શું જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા?

જવાબ અંકો અને શૂન્ય અલગ-અલગ રહે છે તે જોઈને આર્યભટ્ટ આશ્ચર્યચકિત થઈ ગયા.

૫ આર્યભટ્ટે અંકોને કેવી રીતે સમજણ આપી?

જવાબ આર્યભટ્ટ ૨૦, ૧૦, ૪૦, ૬૦ અંકોને બોલાવે છે પરંતુ કોઈ અંક આવતું નથી ત્યારે અંકોને '૦' ની જરૂર સમજાય. આ રીતે સમજણ આપી.

૬ આ પાઠમાંથી શું બોધ મળે છે?

જવાબ પરસ્પર સહકાર અને એકતાની ભાવનાનો બોધ મળે છે.

૭ અંકો કઈ કઈ રમતો રમતાં હતા?

જવાબ અંકો આંબલી, પીપળી, ભમરડો, લખોટી અને ગિલ્લીદંડો વગેરે રમતો રમતા હતા.

૮ હંમેશાં વૃક્ષ પર ઉદાસ કોણ બેસતું હતું?

જવાબ હંમેશાં વૃક્ષ પર શૂન્ય ઉદાસ બેસતું હતું.

૯ ગણિતશાસ્ત્રીનું નામ શું હતું?

જવાબ ગણિતશાસ્ત્રીનું નામ આર્યભટ્ટ હતું.

**પ્રશ્ન ૫ CBE based Questions.**

**મૌખિક**

૧ શું અંકો અને શૂન્ય જરૂરી છે?

૨ તમને આ પાઠ દ્વારા શું શિખવા મળ્યું?

**લેખિક**

૩ અભિમાન કોને હતું? શા માટે?

૪ આર્યભટ્ટ કોણ હતાં?

**ચિંતનશીલ**

૫ ગણિતનો ઉપયોગ રોજીંદા જીવનમાં ક્યાં ક્યાં જોવા મળે છે?

## Work sheet

*** નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.**

૧. 'સંખ્યા' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

૨. 'ધૃણા' શબ્દનો વિરોધી શબ્દ લખો.

૩. અંકો અને શૂન્યો ક્યાં રહેતા હતાં?

૪. ગણિતશાસ્ત્રી કોણ હતાં?

૫. અંકવનમાં પ્રસિદ્ધ ……….. આર્યભટ્ટ ફરવા આવ્યા.

૬. પરસ્પર સહકાર અને એકતાની …….. કેળવી.

| સંખ્યા ( 1 to 50 ) Write in notebook<br>Month of June |
|---|
| નીચે આપેલ સંખ્યા અંક અને શબ્દમાં લખો. |

| (Number) | (અંક) | (શબ્દ) |
|---|---|---|
| 1 | ૧ | એક |
| 2 | ૨ | બે |
| 3 | ૩ | ત્રણ |
| 4 | ૪ | ચાર |
| 5 | ૫ | પાંચ |
| 6 | ૬ | છ |
| 7 | ૭ | સાત |
| 8 | ૮ | આઠ |
| 9 | ૯ | નવ |
| 10 | ૧૦ | દસ |
| 11 | ૧૧ | અગિયાર |
| 12 | ૧૨ | બાર |
| 13 | ૧૩ | તેર |
| 14 | ૧૪ | ચૌદ |
| 15 | ૧૫ | પંદર |
| 16 | ૧૬ | સોળ |
| 17 | ૧૭ | સતર |
| 18 | ૧૮ | અઢાર |
| 19 | ૧૯ | ઓગણીસ |
| 20 | ૨૦ | વીસ |
| 21 | ૨૧ | એકવીસ |
| 22 | ૨૨ | બાવીસ |
| 23 | ૨૩ | ત્રેવીસ |
| 24 | ૨૪ | ચોવીસ |
| 25 | ૨૫ | પચ્ચીસ |
| 26 | ૨૬ | છવીસ |
| 27 | ૨૭ | સત્યાવીસ |
| 28 | ૨૮ | અઠ્યાવીસ |
| 29 | ૨૯ | ઓગણત્રીસ |
| 30 | ૩૦ | ત્રીસ |

| | | |
|---|---|---|
| 31 | ૩૧ | એકત્રીસ |
| 32 | ૩૨ | બત્રીસ |
| 33 | ૩૩ | તેત્રીસ |
| 34 | ૩૪ | ચોત્રીસ |
| 35 | ૩૫ | પાંત્રીસ |
| 36 | ૩૬ | છત્રીસ |
| 37 | ૩૭ | સાડત્રીસ |
| 38 | ૩૮ | આડત્રીસ |
| 39 | ૩૯ | ઓગળચાલીસ |
| 40 | ૪૦ | ચાલીસ |
| 41 | ૪૧ | એકતાલીસ |
| 42 | ૪૨ | બેતાલીસ |
| 43 | ૪૩ | તેતાલીસ |
| 44 | ૪૪ | ચુંમાલીસ |
| 45 | ૪૫ | પિસ્તાલીસ |
| 46 | ૪૬ | છેંતાલીસ |
| 47 | ૪૭ | સુડતાલીસ |
| 48 | ૪૮ | અડતાલીસ |
| 49 | ૪૯ | ઓગણપચાસ |
| 50 | ૫૦ | પચાસ |

**Subject Teacher** **Mentor** **Headmaster** **Principal**

DPS